<u>ઈ-મેઇલ મેસેજ</u>

<u>પ્રતિ</u> :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

<u>જાણ</u> :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

<u>પ્રેષક</u> :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**<u>નંબર</u>** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૧૨૬/૨૦૨૫ તા.૨૮/૦૪/૨૦૨૫

**<u>વિગત</u> :-**

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં.આઇટી/૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૨૧/૦૪/૨૦૨૫ થી તા.૨૮/૦૪/૨૦૨૫** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- પો.સ્ટે.માં ખોવાયેલ બાળકો માટે ઝુબેશ હાથ ધરવામા આવેલ હોય તે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવામાં આવ્યુ હોયઃ-**

(૧) હાર્બર મરીન પો.સ્ટે. પાર્ટ–A, ૦૧૩૩/૨૦૨૫ B.N.S. ક. ૧૩૭(૨) મુજબ ના કામે અપહરણ થનાર ઉર્મીલાબેન D/O અરભમભાઇ સાદીયા ઉ.વ.૧૬ વર્ષ, ૦૧ માસ, ૧૭ દિવસ રહે.વણકર વાસ, આવળ ડેરીની બાજુમાં, ઓડદર ગામ તા.જી.પોરબંદર.વાળી તા.૨૧/૦૪/૨૦૨૫ ના ક.૧૨/૦૦ વાગ્યાના અરશામાં જામનગર સોનાનગર ખાતેથી હાર્બર મરીન પો.સ્ટે. ASI કે.બી.લોઢારી તથા PC કરશનભાઇ કાનાભાઇ દ્વારા ટેકનીકલ તથા હ્યુમન સોર્સ દ્વારા શોધી કાઢેલ છે.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

<u>કમલાબાગ પો.સ્ટે.</u>

તા.૨૬/૦૪/૨૦૨૫ ના રોજ સવારે ક.૧૧/૩૦ વાગ્યે શિતલબેન વા/ઓ સુરેશભાઇ વિઠ્ઠલભાઇ જોષી, ઉ.વ.૫૫, રહે.નરસંગ ટેકરી ટ્રાવેલ્સની ઓફીસ પાસે પોરબંદર વાળાઓને ગર્ભાશયમા ગાંઠ હોય જેથી જામનગર પ્રિતિબેન મહેતાના દવાખાને હવાઇ ચોક પાસે ઓપરેશન કરાવવા જવાનુ હોય. જેથી પો.સ્ટે. આવી રજુઆત કરેલ કે, પોતાને આર્થિક રીતે પૈસાની મદદની જરૂરત હોય. જે બાબતે જાણ કરતા કમલાબાગ પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ .ચાર્જમા રહેલ એ.એસ.આઇ આર.આર.મારૂ નાઓ હતા તેઓ આર્થિક રીતે મદદ કરી હતી.

<u>મહીલા પો.સ્ટેઃ-</u>

(૧) તા.૨૧/૦૪/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/કર્મચારીઓ દ્વારા ગોઢાણીયા કોલેજ વિસ્તાર ખાતે બહેનો તથા યુવા કીશોરીઓની વધુ પ્રમાણમાં હાજરી હોય, જેથી સાથે રહેલ મહિલા કર્મચારી દ્વારા રોમીયોગીરી કરતા ટપોરી ઇસમો ઉપર ડીકોય ગોઠવી ડીકોય અંગેની કામગીરી કરતા કોઈ ટપોરી ઇસમો મળી આવેલ ન હોય. તેમજ ગોઢાણીયા કોલેજ વિસ્તારમાં અવાવરૂ જગ્યાયે પેટ્રોલીંગ કરી ત્યાં કોઈ નવજાત બાળકોને ત્યજી દેવામા આવેલ નથી જે બાબતે ખરાઈ કરતા આવુ કઈ મળી આવેલ ન હોય. જે બાબતે નોંધ લીધેલ.

(૨) તા.૨૨/૦૪/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/કર્મચારીઓ દ્વારા યુગાંડા રોડ પર આવેલ" મનન હોસ્પીટલ " ની મુલાકાત લઈ ગેર કાયદેસર ભ્રુણ પરીક્ષણની પ્રવૃતી ચાલે છે,કે નહી જે બાબતે ખરાઈ કરતા આવી કોઈ પ્રવુતી જણાય આવેલ ન હોય.

(૩) તા.૨૩/૦૪/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/કર્મચારીઓ દ્વારા કડીયા પ્લોટ, મફતીયાપરા વિસ્તારમાં જઈ સીનીયર સીટીજન હોય તેઓની મુલાકત લઈ તેને કોઈ મુશ્કેલી હોય તો પોલીસને જાણ કરવા તેમજ ઇમરજન્શીમા ડાયલ-૧૦૦ દ્વારા પોલીસ મદદ મેળવી શકે છે. તે બાબતે માર્ગદર્શન આપેલ.

(૪) તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/કર્મચારીઓ દ્વારા એમ.જી .રોડ વિસ્તારની મુલાકાત લઇ સીસીટીવી કેમેરા ચાલુ છે કે કેમ તે બાબતેની તથા સી.સી.ટી.વી .કેમેરા ચાલુ રાખવા તેમજ જાણવણી કરવા યોગ્ય માર્ગદર્શન આપેલ.

(૫) તા.૨૫/૦૪/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/કર્મચારીઓ દ્વારા ગોઢાણીયા કોલેજ વિસ્તાર ખાતે બહેનો તથા યુવા કિશોરીઓની વધુ પ્રમાણમા હાજરી હોય, જેથી સાથે રહેલ મહિલા કર્મચારી દ્વારા રોમીયોગીરી કરતા ટપોરી ઇસમો ઉપર ડીકોઇ ગોઠવી ડીકોઇ અંગેની કામગીરી કરતા કોઇ ટપોરી ઇસમો મળી આવેલ ન હોય.

(૬) તા.૨૬/૦૪/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/કર્મચારીઓ દ્વારા સિનીયર સીટીજન માણસોની કડિયાપ્લોટ ખાતે વધુ પ્રમાણમા હોય તેઓની રૂબરૂ મુલાકાત કરી કોઇ મુશ્કેલી હોય તો તાત્કાલિક પોલીસ મદદ મળી રહેશે તે અંગેની સમજ કરી.

(૭) તા.૨૭/૦૪/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/કર્મચારીઓ દ્વારા કડીયાપ્લોટ વિસ્તારમાં જઈ સીનીયર સીટીજન હોય તેઓની મુલાકત લઈ તેને કોઈ મુશ્કેલી હોય તો પોલીસને જાણ કરવા તેમજ ઇમરજન્શીમા ડાયલ-૧૦૦ દ્વારા પોલીસ મદદ મેળવી શકે છે.તે બાબતે માર્ગદર્શન આપેલ.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોના તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો વિગેરે**

<u>મહીલા પો.સ્ટે.ઃ</u>

તા.૨૫/૦૪/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન પો.સબ.ઇન્સ કે.એમ.સૈયદએ પેટ્રોલિંગ દરમિયાન ભાવસિહજી હોસ્પિટલ જઈને મહિલા જાગૃતિનો કાર્યક્રમ કરેલ છે જેમાં ઘરેલુ હિંસા જેમા મહિલાઓને સાસરીયા પક્ષ તરફથી શારીરિક માનસિક દુઃખ ત્રાસ કે દહેજ બાબતે સાસરીયા પક્ષ તરફથી મહિલાને હેરાન પરેશાન કરવામાં આવે તો સુરક્ષા સંબંધે મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા માર્ગદર્શન આપેલ. તેમજ 100 નંબરમાં ફોન કરી પોલીસ મદદ મેળવવા જરૂરી કાયદાકીય માર્ગદર્શન/માહિતી આપેલ. તેમજ મહિલા હેલ્પલાઇન 181 વિશે માહિતી આપેલ તેમજ 1930 સાયબર ક્રાઇમ વિશે જરૂરી માહિતી આપેલ

જે આપશ્રી ને વિદિત થાય.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર